વસે બ્રહ્માંડોમાં અમ ઉર વિશે વાસ વસતો, તું આઘેમાં આઘે પણ સમીપમાં નિત્ય વસતો...

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૯૧૯ |
| અમદાવાદ | ૧૮૧ |
| ગાંધીનગર | ૩૪ |


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૨૮ ૧૭ જુલાઈ, ૨૦૨૦, શુક્રવાર; અષાઢ વદ - ૧૨ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# દુનિયાના દિગ્ગજોના ટ્વિટર એકાઉન્ટ હેક

**ટ્વિટર પર અત્યાર સુધીનો સૌથી મોટો 'સાયબર અટેક' : બફેટ, એપલ, બિલ ગેટ્સ, ઓબામા સહિતના દિગ્ગજોના ટ્વિટર એકાઉન્ટ હેક : તમામ એકાઉન્ટ્સને હેક કરી બિટકોઈનના પ્રમોશનને લગતો મેસેજ પોસ્ટ કરવામાં આવ્યો, હેકરોની પોસ્ટમાં એકના ડબલ કરવાની કરવાની વાત**



ન્યૂયોર્ક,તા.૧૬

હેકર્સે દુનિયાના દિગ્ગજ નેતાઓ, જાણીતી હસ્તીઓ, ઉદ્યોગપતિઓ અને કંપનીઓના ટ્વિટર હેન્ડલ હેક કરી લીધા છે. બુધવારે હેકર્સે જેમાં ટ્વિટર એકાઉન્ટ હેક કર્યાં તેમાં માઈક્રોસોફ્ટના સહ સંસ્થાપક બિલ ગેટ્સ, ટેસ્લાના સીઈઓ ઈલોન મસ્ક, અમેરિકાના રેપર કાન્યે વેસ્ટ, અમેરિકાના પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જો બિડેન, અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામા , ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ, વોરેન બફેટ, એપલ, ઉબર સહિત અનેક મહત્વના એકાઉન્ટ હેક કરવામાં આવ્યાં છે. એકાઉન્ટ હેક કરીને તેના પર એક ખાસ પ્રકારના સંદેશ પોસ્ટ કરવામાં આવ્યાં છે. સંદેશાથી સ્પષ્ટ છે કે ક્રિપ્ટોકરન્સી સ્કેમના હેતુથી જ આવું કરાયું છે. જો કે ટ્વિટ તાબડતોબ ડિલિટ કરી દેવામાં આવી હતી. એમેઝોનના કો ફાઉન્ડર જેફ બેજોસના એકાઉન્ટથી પણ આવા મેસેજ કરાયા.

હેકર્સ તેમના એકાઉન્ટથી ટ્વિટ કરી રહ્યાં છે અને બિટકોઈન માંગી રહ્યાં છે. હેકર્સે માઈક્રોસોફ્ટના સહસંસ્થાપક બિલ ગેટ્સના ટ્વિટર એકાઉન્ટથી ટ્વિટ કરીને કહ્યું કે 'દરેક જણ મને પાછા આપવાનું કહી રહ્યાં છે અને હવે સમય આવી ગયો છે. હું આગામી ૩૦ મિનિટ સુધી બીટીસી એડ્રસ પર મોકલવામાં આવેલા તમામ પેમેન્ટને બમણું કરી રહ્યો છું. તમે મને એક હજાર ડોલર મોકલો અને હું તમને બે હજાર ડોલર પાછા મોકલીશ.'

એપલના એકાઉન્ટથી લખવામાં આવ્યું કે અમે તમને લોકોને ઘણું બધુ આપવા માંગીએ

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં એક જ દિવસમાં ૩.૨ લાખ લોકોના ટેસ્ટ કરાયા

**૧.૨૪ કરોડ ટેસ્ટ કરવામાં આવ્યા છે, તેમ ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના અધિકારીઓએ જણાવ્યું : ૧૨૨૩ ટેસ્ટિંગ લેબને મંજુરી અપાઈ**

નવી દિલ્હી, તા. ૧૬

કોવિડ-૧૯ના રોજના ટેસ્ટિંગના આંકડામાં નોંધપાત્ર વધારો થયો છે. મંગળવારે એક જ દિવસમાં કોવિડ-૧૯ના ૩.૨ લાખ ટેસ્ટ કરવામાં આવ્યા, જે અત્યાર સુધીમાં એક દિવસમાં થયેલા સૌથી વધુ ટેસ્ટ છે. અત્યાર સુધીમાં એકંદરે ૧.૨૪ કરોડ ટેસ્ટ કરવામાં આવ્યા છે, તેમ ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)ના અધિકારીઓએ જણાવ્યું. દેશભરમાં કોરોનાના ટેસ્ટ વધારવા માટે આઈસીએમઆરએ કુલ ૧,૨૨૩ કોવિડ-૧૯ ટેસ્ટિંગ લેબને મંજૂરી આપી છે. જાહેર (૮૬૫) અને ખાનગી (૩૫૮) ક્ષેત્રની કુલ મળીને ૧,૨૨૩ લેબમાં ટેસ્ટિંગની મંજૂરી મળી છે. જેમાં ૬૩૩ આરટી-પીસીઆર લેબ, ૪૯૧ ટ્રુનેટ લેબ અને ૯૯ સીબીએનએએટી લેબ છે. છેલ્લા થોડા અઠવાડિયાથી રોજ ૨-૨.૮ લાખ સેમ્પલ લેવાતા હતા. સેમ્પલ સાઈઝ ધીમે-ધીમે



વધી રહી છે છતાં પોઝિટિવિટી રેટ ૯-૧૦ ટકાની વચ્ચે સ્થિર છે, તેમ અધિકારીનું કહેવું છે. સત્તાવાર સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ, પ્રાથમિક રીતે ટેસ્ટમાં થયેલો વધારો રેપિડ એન્ટીજન ટેસ્ટિંગને આભારી છે. કુલ ટેસ્ટના લગભગ ૫૦% ટેસ્ટ આનાથી થાય છે.

# દેશમાં કોરોનાના કેસ ૧૦ લાખને પાર

**૨૪ કલાકમાં કોરોનાના નવા ૩૨ હજાર કેસ : ૨૪ કલાકમાં ૬૧૪ના મોત : કુલ મૃત્યુઆંક ૨૫૫૮૯ : દેશમાં કોરોના સંક્રમણથી ૯૯ ડોક્ટર્સના મોત, ૧૩૦૨ સંક્રમિત, ગ્વાલિયરમાં પણ ૭ દિવસનો કર્ફ્યુ લાદવામાં આવ્યો : અત્યાર સુધીમાં કોરોનાથી ૬,૧૨,૮૧૫ લોકો સ્વસ્થ થયા**

ન્યુ દિલ્હી,તા.૧૬

કોરોનાએ ભારતમાં અડિગો જમાવ્યો હોય તેમ અનલોક-૨ના ૧૫મા દિવસે બુધવારે કોરોનાએ પોતાનો જ રેકોર્ડ તોડીને અત્યારસુધીમાં સૌથી વધુ ૩૨,૬૦૭ કેસો સામે આવતા ચિંતાની લાગણી સર્જાઈ છે. અને ભારત કોરોનાના કેસોના મામલે અમેરિકાના માર્ગે હોય તેમ જણાઈ રહ્યું છે. આજે ગુરૂવારે સવારે છેલ્લાં ૨૪ કલાકના આંકડા જાહેર કરાયા ત્યારે સત્તાવાળાઓને આંચકો લાગ્યો હોય તેમ એક સાથે કેસોનો આંકડો ૩૨ હજારની ઉપર પહોંચ્યો હતો. આ જ સમય ગાળામાં સૌથી વધુ ૬૧૪ના મોત પણ થયા હતા. તે સાથે જ કુલ કેસો વધીને ૧૦,૦૧,૮૬૩ પર પહોંચ્યા છે. સારવાર હેઠળના કેસોની સાંખ્યા વધીને ૩,૩૧,૧૧૬ પર પહોંચ્યો તો સાજા થનારાની સંખ્યા ૬,૧૩,૭૩૫ પર પહોંચ્યો છે. છેલ્લાં ૨૪ કલાકમાં વધુ ૨૦,૬૪૬ દર્દીઓ સાજા થયા હતા. જ્યારે કુલ મૃત્યુઆંક ૨૪,૯૨૯ એટલે કે ૨૫ હજારની નજીક પહોંચ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૩૭૮૮૫૪૦ | ૫૮૮૮૨૦ | ૮૦૪૮૯૧૨ |
| ભારત | ૧૦૦૧૮૬૩ | ૨૫૫૮૯ | ૬૩૪૧૩૩ |
| ગુજરાત | ૪૫૫૬૭ | ૨૦૯૧ | ૩૨૧૭૪ |
| ગાંધીનગર | ૧૧૧૦ | ૬૭ | ૬૮૯ |

## નેપાળે ભારતની ન્યૂઝ ચેનલો પરથી હટાવ્યો પ્રતિબંધ

કાઠમાંડૂ,તા.૧૬

ભારત સાથે તનાતની વચ્ચે નેપાળે આખરે નમતું ઝોખવું પડ્યું છે. કેબલ ઓપરેટરોએ નેપાળ સરકારના ઈશારે ભારતની ન્યૂઝ ચેનલો પર લગાવેલા પ્રતિબંધને હટાવી લીધો છે. દર્શકો અને લોકોના ભારે વિરોધના કારણે ભારતીય ન્યૂઝ ચેનલોનું આજ સવારથી પ્રસારણ શરૂ થઈ ગયું.

## છેલ્લે... છેલ્લે...

- દેશમાં આવતીકાલથી આંતરરાષ્ટ્રીય વિમાની સેવા
- જો વેક્સિન ના આવે તો નવેમ્બર સુધીમાં ભારતમાં કોરોનાના ૧ કરોડ કેસ નોંધાશે અને ૫ લાખના મૃત્યુની સંભાવના.
- રાજસ્થાન મામલે હાઈકોર્ટમાં હવે શુક્રવારે સુનાવણી
- કલોલની સાંતેજ ખાતે કેનાલમાં છ યુવાનો ડૂબ્યા. જેમાં ૪ને બચાવાયા

# બિહારમાં ૨૬૪ કરોડના ખર્ચે તૈયાર કરાયેલો પુલ ૨૯ દિવસમાં જ તૂટ્યો

**ગોપાલગંજમાં પુલનો એક ભાગ જમીનદોસ્ત, અવર-જવર માટેનો રસ્તો બંધ**



પટના,તા.૧૬

બિહાર આ સમયે બમણી તકલીફોની સામે ઝઝૂમી રહ્યું છે. એક તરફ પૂરનો આતંક અને બીજી તરફ કોરોનાનો કહેર, ઉપરથી પ્રશાસનની નિષ્ફળતા. સુશાસનનો દાવો કરનારી નીતીશ સરકારના દાવાઓની પોલ ગોપાગંજમાં પુલનો એક ભાગ જમીનદોસ્ત થઈ જતા ખુલ્લી પડી

● અનુસંધાન પાન-૭ પર

# ગુનામાં ખેડૂત પરિવાર પર પોલીસના અત્યાચાર મામલે રાજકારણ ગરમાયું

**મુખ્યમંત્રીએ ગુનાના કલેક્ટર, આઇજી, એસપીને તાત્કાલીક હટાવ્યા**
**અતિક્રમણનો વિરોધ કરી રહેલા ખેડૂત પરિવારે ઝેરી દવા પીધી**
**શિવરાજ શાસનમાં મધ્યપ્રદેશ જંગલ રાજ તરફ ધકેલાયું : કોંગ્રેસ**

ગુના,તા.૧૬

મધ્ય પ્રદેશના ગુનામાં દબાણ હટાવવાને લઈને દલિત ખેડૂત પરિવાર સાથે પોલીસના અત્યાચારનો વીડિયો વાયરલ થયા બાદ રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસ આ મામલે રાજ્યની શિવરાજ સરકારને ઘેરવાનો પ્રયત્ન કરી રહ્યું છે, તો બીજી તરફ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જિલ્લાના કલેક્ટર અને એસપીને તાત્કાલીક હટાવાનો આદેશ આપ્યો છે. આ સાથે જ તટસ્થ તપાસના આદેશ પણ આપી દેવામાં આવ્યા છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર, ગુના શહેરના જગનપુર વિસ્તારમાં એક સરકારી કોલેજના નિર્માણ માટે ફાળવેલી સરકારી જમીન પરના અતિક્રમણથી પરાણે નીકાળવામાં આવેલા દંપતિ અને તેમના પરિવારના લોકોએ ડિમોલિશન કાર્યવાહીના વિરોધ કર્યો હતો. જેના કારણે પોલીસને લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. આખરે દંપતિએ ઝેરી દવા પી લેતા પોલીસ દ્વારા તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર


SWARRNIM STARTUP & INNOVATION UNIVERSITY
Gandhinagar, Gujarat
INDIA'S FIRST UNIVERSITY FOR STARTUP

ADMISSIONS OPEN 2020-21

School of Technology
Diploma - Computer | Civil | Electrical | Mechanical | Automobile
B.Tech - Computer Egg. | IT | EC | Mechanical | Electrical | Civil | Automobile
AI | CTIS | MACT | Blockchain
M.Tech - Advance Manufacturing System | AI | Electronics Communication
Power Systems | Environmental Engineering | Cyber Security
PHD

School of Health Science
BAMS | BHMS | BPT | GNM | B.Sc. Nursing
DMLT | Sanitary Inspector

School of Science
B.Sc. - PCM | Biotech | Microbiology | Fire And Safety
M.Sc. - Biotech | Chemistry
Microbiology

Institute of Designs
B.Arch
B.Sc. Fashion & Creative Style
(international Collaboration With Atelier Chardon Savard-Paris)
B.Des/Diploma -
Fashion | Interior
Product Graphic & Animation | UX
M. Plan

School of Business
B.Com | BBA | BCA | M.Com | MBA | Airport Mgmt | Hotel Mgmt.

SWARRNIM EASY FEE
0% Interest Education Loan
Scan to Apply Online ▶▶
Contact Us
www.swarrnim.edu.in
admission@swarrnim.edu.in
95108 58239
95108 68970

100% Placement in Last 3 Years



શ્રીજીબાપા શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ સ્વામીબાપા



અજોડમૂર્તિ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાર્વભૌમ નાદવંશ ગુરુ પરંપરાના પંચમ વારસદાર શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય સેવામૂર્તિ પરંતપઃ વર્લ્ડ પીસ એમ્બેસેડર શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજ ૭૮ વર્ષની વયે તા. ૧૬-૦૭-૨૦૨૦ને ગુરૂવારના શુભદિને શ્રી સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય ધામમાં બિરાજમાન થઇ ગયા છે.
વિશ્વવાત્સલ્યમહોદધિ આચાર્ય સ્વામીજી મહારાજે શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર શ્રી મુક્તજીવન સ્વામીબાપા દ્વારા સંવત-૨૦૧૮, ફાગણ સુદ-પૂનમ તા. ૨૧-૩-૧૯૬૨, બુધવારના પરમ પાવન દિને ભાગવતી મહાદીક્ષા ગ્રહણ કરી અવિરત ૫૮ વર્ષ સુધી પ્રશસ્ય માર્ગ એવા ત્યાગાશ્રમ શોભાવ્યો હતો. સનાતન ધર્મસમ્રાટ ગુરુદેવ શ્રી મુક્તજીવન સ્વામીબાપાએ પોતાના વ્હાલા શિષ્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજને તા. ૨૮-૨-૧૯૭૯, બુધવારના પાવનકારી દિને ઉત્તરદાયિત્વ સુપ્રત કર્યું હતું.
સદ્ધર્મજ્યોતિર્ધર આચાર્ય સ્વામીજી મહારાજે સનાતન ધર્મે પ્રતિપાદિત કરેલ સ્નેહ, સંપ અને સહકારનો ધ્વજ દેશ-વિદેશમાં લહેરાવ્યો હતો.

શ્રી સ્વામિનારાયણ ગાદી પરિવારના જયશ્રી સ્વામિનારાયણ